*This Question Paper contains 20 printed pages.*

Sl.No.

# 331 (G)

**(FEBRUARY-MARCH, 2026)**
**(SCIENCE STREAM)**
**(CLASS - XII)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
|---|
| **01** |

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ:**

1) આ પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રકારના કુલ 100 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી, સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.
3) આપને અલગથી આપેલ OMR પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે. એકથી વધુ ઉત્તર ઘટ્ટ ● કરેલ હશે તો તે ઉત્તર અમાન્ય ગણાશે.
4) દરેક પ્રશ્નનો 1 ગુણ છે.
5) રફ કાર્ય હેતુ આ ટેસ્ટ બુકલેટમાં આપેલી જગ્યામાં જ કરવાનું રહેશે.
6) જવાબ લખતાં પહેલા પ્રશ્નોને ધ્યાન પૂર્વક વાંચી લેવા.
7) પ્રશ્નપત્રમાં ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્ર સેટ નં.ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) ફોર્મ ઘટકનો અમલ કરવા માટે નીચેનામાંથી કયા ટેબનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) <form> ...</form>
(B) <form>...<form>
(C) </form>...</form>
(D) <frm>...</frm>

2) ફોર્મ સબમિટ કરતી વખતે ફોર્મની વિગતો કયા સ્થાને મોકલવાની છે, તેની સ્પષ્ટતા માટે નીચેનામાંથી કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) method
(B) action
(C) submit
(D) input

---

**રફ કાર્ય**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) નીચેનામાંથી કઈ પદ્ધતિ HTTP વ્યવહાર દ્વારા વિગતોને બ્લોક સ્વરૂપે મોકલવાની સુવિધા પુરી પાડે છે?

(A) GET (B) SET

(C) PUT (D) POST

4) HTML માં નીચેનામાંથી કયો ઘટક એકથી વધુ લીટીના નિવેશ માટે અનુમતી આપે છે?

(A) Textarea (B) Input

(C) Select અને Option (D) Form

5) નીચેનામાંથી કયું નિઃ શુલ્ક, ઓપનસોર્સ વેબવિકાસ માટેનું IDE છે?

(A) HTML (B) KompoZer

(C) SciTE (D) Base

6) HTML માં નીચેનામાંથી કયો ફિલ્ડનો પ્રકાર ટેક્સ્ટ ફિલ્ડ સમાન છે, પરંતુ તેમાં ઉમેરવામાં આવેલ અક્ષરો ઉપયોગકર્તા સમક્ષ દર્શાવવામાં આવતા નથી. તેને બદલે અક્ષરોનું અવાચ્ય સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે છે?

(A) Select (B) Password

(C) Checkbox (D) Radio

7) કમ્પોઝરમાં જુદાં-જુદાં ટૂલબાર અને સ્ટેટસબાર (જો દેખાતાં ન હોય તો) દર્શાવવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) File → Show/Hide (B) Edit → Show/Hide

(C) View → Show/Hide (D) Insert → Show/Hide

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8) કમ્પોઝરમાં, HTML ટેગ વ્યૂમાં તમામ ટેગની શરૂઆત દર્શાવવા માટે નીચેના પૈકી કયા રંગના નિશાનનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) લાલ (Red)
(B) વાદળી (Blue)
(C) કાળા (Black)
(D) પીળા (Yellow)

9) કમ્પોઝરમાં ફાઈલને સેવ કરીએ ત્યારે નીચેના પૈકી કયું અનુલંબન (extension) આપવામાં આવે છે?

(A) .html કે .htm
(B) .jpeg કે .jpg
(C) .mp3 કે .mp4
(D) .docx કે .doc

10) કમ્પોઝરમાં જે ફોર્મને અન્ય રંગ બેક ગ્રાઉન્ડમાં આપવો હોય તો, નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Edit → Page Colors and Background
(B) View → Page Colors and Background
(C) Insert → Page Colors and Background
(D) Format → Page Colors and Background

11) નીચેનામાંથી કોનો ઉપયોગ વેબસાઈટમાં દર્શનીય ઘટકો માટેની શૈલી સ્પષ્ટ કરવા માટે થાય છે?

(A) Cascading Style Sheets
(B) Webpage
(C) Form
(D) Animation

12) નીચેનામાંથી CSS ની વાક્યરચના કઈ છે?

(A) Select{property:value}
(B) Selector{value:property}
(C) Selector{property:value}
(D) Select{value:property}

13) નીચેનામાંથી કઈ નિશાની દ્વારા જાવાસ્ક્રિપ્ટ બ્લોકની શરૂઆત અને અંત દર્શાવવામાં આવે છે?

(A) અર્ધવિરામ
(B) ચોરસ કૌંસ
(C) છગડિયા કૌંસ
(D) સાદા કૌંસ

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

14) જાવાસ્ક્રિપ્ટમાં નીચેનામાંથી કયા વિધાનનો ઉપયોગ વિધેયમાં કિંમત પરત કરવા માટે થાય છે?

(A) submit
(B) send
(C) go
(D) return

15) BOM એટલે શું?

(A) Browser of Model
(B) Browser Object Model
(C) Browser Object Modelling
(D) Browse Object Model

16) CSS style sheet ડાયલોગ બોક્ષમાં કયા વિભાગ (tab) માં નિર્માણ કરવામાં આવેલ CSS કોડ દર્શાવવામાં આવે છે?

(A) Text
(B) General
(C) Box
(D) Lists

17) નીચેના પૈકી CSS નો ગેરફાયદો કયો છે?

(A) web designer કાર્યને સરળ બનાવે છે.
(B) HTMLની સરખામણી માં CSS માં ઓછો કોડ ઉમેરવો પડે છે.
(C) CSS નો ઉપયોગ વેબસાઈટની રચનાને ઝડપી અને કાર્યક્ષમ બનાવે છે.
(D) જુદાં-જુદાં બ્રાઉઝર માટે CSS ની સુસંગતતા બદલાતી રહે છે.

18) document.write ("Hello Students"); ઉપરોક્ત જાવાસ્ક્રિપ્ટ વિધાનમાં પ્રક્રિયા (method) કોણ છે?

(A) write
(B) document
(C) hello
(D) students

19) નીચેના પૈકી કયું એ જાવાસ્ક્રિપ્ટનું આંતરપ્રસ્થાપિત (inbuilt) વિધેય છે?

(A) validateForm()
(B) form()
(C) alert()
(D) hello()

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

20) જાવાસ્ક્રિપ્ટમાં ચિત્ર દર્શાવવાનું રદ કરવામાં આવે ત્યારે નીચેના પૈકી કઈ ઘટના ઉત્પન્ન થાય છે?

(A) change
(B) abort
(C) error
(D) reset

21) જાવા સ્ક્રિપ્ટમાં નીચેના પૈકી કયા કી-વર્ડનો ઉપયોગ કરી ચલની ઘોષણા કરી શકાય છે?

(A) variable
(B) VARIABLE
(C) VAR
(D) var

22) નીચે આપેલ જાવાસ્ક્રિપ્ટ વિધાન કઈ કિંમત પરત કરશે?

isNaN (123);

(A) true
(B) false
(C) yes
(D) no

23) વ્યવસાયને આગળ વધારવા, ઉત્પાદન વેચવા અને વિશાળ પ્રમાણમાં ગ્રાહકોને આકર્ષવા માટે નીચેનામાંથી શું મદદરૂપ બને છે?

(A) વેબસાઈટ
(B) ડોક્યુમેન્ટ
(C) ફોર્મ
(D) CSS

24) વેબસાઈટમાં કેવી માહિતી હોવી જોઈએ?

(A) સંપૂર્ણ, સંબંધિત
(B) સંપૂર્ણ, અસંબંધિત
(C) અપૂર્ણ, અસંબંધિત
(D) અપૂર્ણ, સંબંધિત

25) વેબસાઈટના હોમપેજને કયું નામ આપી સંગ્રહ કરવો જોઈએ?

(A) first.html
(B) index.html
(C) home.html
(D) one.html

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

26) ઉપયોગકર્તાના કમ્પ્યૂટરમાં સંગ્રહ કરવામાં આવતા ચલને શું કહે છે?

(A) Integer
(B) HTML
(C) Cookie
(D) Java

27) વેબપેજનું શીર્ષક વેબ બ્રાઉઝરમાં ક્યાં દર્શાવવામાં આવે છે?

(A) મેનુ બાર
(B) ટાઈટલ બાર
(C) સ્ટેટસ બાર
(D) ટૂલ બાર

28) કમ્પોઝરમાં ચિત્ર ઉમેરવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Insert → Graphic
(B) Insert → Picture
(C) Insert → Photo
(D) Insert → Image

29) જાવાસ્ક્રિપ્ટનું નીચેનામાંથી કયું વિધેય વિગતોને અંકોમાં ફેરવે છે?

(A) parseNum()
(B) parseNumber()
(C) parseFloat()
(D) parseData ()

30) આપણા કમ્પ્યૂટર પરથી વેબહોસ્ટ પર ફાઈલોનાં સ્થાનાંતર માટે નીચેના પૈકી કયા પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) FTP
(B) ISP
(C) TCP
(D) IP

31) નીચેના પૈકી કયા ઓપનસોર્સ IDE ની મદદથી PHP, Rails, Ruby કે Web માં પ્રોજેક્ટ બનાવી શકાય છે?

(A) Aptana Studio
(B) BlueGriffon
(C) Amaya
(D) KompoZer

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

32) અમાયા વેબ-એડિટરનો વિકાસ કોણે કર્યો હતો?

(A) X3C
(B) Y3C
(C) Z3C
(D) W3C

33) કઈ પ્રક્રિયા દ્વારા ગ્રાહકને ઉત્પાદનની કિંમત માટે બોલી લગાવીને ખરીદ કે વેચાણની સુવિધા પૂરી પાડવામાં આવે છે?

(A) માર્કેટીંગ
(B) હરાજી
(C) પુસ્તકોની દુકાન
(D) નોંધણી

34) નીચેનામાંથી કઈ વિશેષતા પરંપરાગત વ્યવસાયની છે?

(A) નિશ્ચિત સમયગાળા માટે અથવા તો વ્યવસાયના કલાકોમાં પ્રક્રિયા કરવામાં આવે.
(B) ઈન્ટરનેટ પર જાહેરાત કરવામાં આવે.
(C) ચૂકવણી મેળવવા માટે ઈ-ચૂકવણીની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે.
(D) ગ્રાહકો ઉત્પાદનો અને યોજનાઓ શોધી શકે.

35) નીચેનામાંથી ઈ-કોમર્સનો ગેરફાયદો કયો છે?

(A) ગોપનીયતા
(B) ગ્રાહક સેવામાં સુધારો
(C) ઝડપ
(D) વ્યવસાયનો 24×7 સમય

36) જુદા-જુદા વ્યવસાયી ભાગીદારો વચ્ચે કરવામાં આવતી પ્રવૃત્તિઓને ઈ-કોમર્સની કઈ પ્રતિકૃતિ કહેવામાં આવે છે?

(A) સરકારથી વ્યવસાયી (G2B)
(B) ગ્રાહકથી વ્યવસાયી (C2B)
(C) વ્યવસાયીથી વ્યવસાયી (B2B)
(D) વ્યવસાયીથી ગ્રાહક (B2C)

37) નીચેનામાંથી કઈ ઈ-કોમર્સ પ્રતિકૃતિ દ્વારા એક સરકારી એજન્સી, સંસ્થા કે વિભાગ અન્ય સરકારી એજન્સી, સંસ્થા કે વિભાગ સાથે વાણિજ્યરહિત સંદેશાવ્યવહાર કરે છે?

(A) વ્યવસાયીથી વ્યવસાયી (B2B)
(B) ગ્રાહકથી વ્યવસાયી (C2B)
(C) સરકારથી સરકાર (G2G)
(D) ગ્રાહકથી ગ્રાહક (C2C)

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

38) ઈન્ટરનેટ પર ઈ-કોમર્સનો સૌપ્રથમ વિનિયોગ નીચેના પૈકી કયો હતો?

(A) માર્કેટિંગ અને વેચાણ
(B) ઈન્ટરનેટ પર પુસ્તકની દુકાન
(C) ઈલેક્ટ્રોનિક વર્તમાનપત્ર
(D) ઓનલાઈન હરાજી

39) સંસ્થાઓ કે બેન્કો દ્વારા ગ્રાહકોને મોકલવામાં આવતી સૂચનાઓ અને સ્મરણપત્રો (reminders) ઈ-કોમર્સના નીચેના પૈકી કયા વિનિયોગના ઉદાહરણ છે?

(A) માર્કેટિંગ અને વેચાણ
(B) ઓનલાઈન બિલિંગ
(C) સહાય સેવાઓ
(D) માહિતી સેવા

40) ઈ-કોમર્સની નીચેના પૈકી કઈ પ્રતિકૃતિ અવળી હરાજીને સમાવતી પદ્ધતિ છે, કે જ્યાં ગ્રાહક દ્વારા ઉત્પાદન કે સેવાની કિંમત નક્કી કરવામાં આવે છે?

(A) વ્યવસાયીથી ગ્રાહક (B2C)
(B) વ્યવસાયીથી વ્યવસાયી (B2B)
(C) ગ્રાહકથી ગ્રાહક (C2C)
(D) ગ્રાહકથી વ્યવસાયી (C2B)

41) OLX.com વેબસાઈટ એ ઈ-કોમર્સની નીચેના પૈકી કઈ વ્યાવસાયિક પ્રતિકૃતિનું ઉદાહરણ છે?

(A) ગ્રાહકથી ગ્રાહક - C2C
(B) ગ્રાહકથી વ્યવસાયી - C2B
(C) વ્યવસાયીથી ગ્રાહક - B2C
(D) વ્યવસાયીથી વ્યવસાયી - B2B

42) ઈ-ગવર્નન્સના ભાગ તરીકે ગુજરાત સરકારે પોતાનું કયું નેટવર્ક વિકસિત કર્યું છે?

(A) GSMAN
(B) GSLAN
(C) GSWAN
(D) GSNET

43) વ્યાવસાયિક હેતુ માટે સ્થાનની માહિતી પૂરી પાડતી તક્નિકના ઉપયોગને શું કહે છે?

(A) ઈ-કોમર્સ
(B) એમ-કોમર્સ
(C) એલ-કોમર્સ
(D) પરંપરાગત કોમર્સ

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

44) માત્ર અધિકૃત ઉપયોગકર્તાને જ સિસ્ટમના ઉપયોગની પરવાનગી આપવામાં આવે- તે સુરક્ષાનો કયો પ્રકાર દર્શાવે છે?

(A) અધિકૃતતા (Authorization)
(B) ગુપ્તતા (Confidentiality)
(C) અસ્વીકાર (Non-repudiation)
(D) અખંડિતતા (Integrity)

45) ઉપયોગકર્તાના મશીન કે નેટવર્કને સ્થગિત કરી નાખી તેને નિરુપયોગી બનાવી દેવાનું આક્રમણ નીચેનામાંથી કયા નામે ઓળખાય છે?

(A) Malicious code
(B) Denial of Service attack
(C) Spoofing
(D) Cyber vandalism

46) વાયરસ, વોર્મ અને ટ્રોજનહોર્સ જેવા દૂષિત કોડને શોધી, અટકાવી અને દૂર કરવાની પ્રક્રિયા કરતા કમ્પ્યુટર પ્રોગ્રામને શું કહે છે?

(A) એન્ટિવાઈરસ સોફ્ટવેર
(B) ડિજિટલ સર્ટિફિકેટ
(C) ફાયરવોલ
(D) ક્રિપ્ટોગ્રાફી

47) નીચેનામાંથી વેબસાઈટની કઈ શરૂઆત દર્શાવે છે કે સાઈટને SSL દ્વારા સુરક્ષિત કરવામાં આવેલી છે?

(A) http://
(B) ssl://
(C) https://
(D) ssls://

48) નીચેનામાંથી કઈ ટ્રેડમાર્કની નિશાની નથી?

(A) TM
(B) SM
(C) ®
(D) MS

49) ફાઈલની કોપીરાઈટ માહિતીને ઓળખવા માટે ચિત્ર, ઓડિયો કે વિડિયોમાં ઉમેરવામાં આવતા ડિજિટલ કોડને શું કહે છે?

(A) Image mark
(B) Digital mark
(C) Code mark
(D) Watermark

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

50) નીચેનામાંથી શેના દ્વારા કોઈ વ્યસ્ક વ્યક્તિ બાળક સાથે મિત્રાચારી કરીને તેની સાથે ભાવનાત્મક જોડાણ રચે છે?

(A) સાયબર બુલિંગ
(B) સાયબર ગ્રુમિંગ
(C) ફિશિંગ
(D) સોશિયલ એન્જિનિયરિંગ

51) "એક સ્થળથી અન્ય સ્થળ સુધીનું દિશાસૂચન"–એ સ્થાન આધારિત (location based) નીચેના પૈકી કઈ સેવાનું ઉદાહરણ છે?

(A) Navigation
(B) Mapping
(C) Advertising promotion
(D) Emergency services

52) સંસ્થાના નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી નેટવર્કની સુરક્ષા-સીમાને શું કહે છે?

(A) એન્ટિવાઈરસ સોફ્ટવેર
(B) ડિજિટલ સર્ટિફિકેટ
(C) ફાયરવોલ
(D) ડિજિટલ વોલ

53) ઓનલાઈન વ્યવહારોને સુરક્ષિત બનાવવા માટે મોટા ભાગની ક્રેડિટકાર્ડ સંસ્થાઓ નીચેના પૈકી કોનો ઉપયોગ કરે છે?

(A) TET
(B) SET
(C) PET
(D) RET

54) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ શરૂ કરેલી કાર્ડ દ્વારા ચૂકવણીની એક નવી રીત નીચેના પૈકી કઈ છે?

(A) MPay card
(B) V Pay card
(C) GPay card
(D) RuPay card

55) ઓબ્જેક્ટ આધારિત પદ્ધતિમાં કઈ વસ્તુ કેન્દ્રબિંદુ ઉપર હોય છે?

(A) ડેટા
(B) વિધેય
(C) ઓબ્જેક્ટ
(D) પ્રક્રિયાઓ

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

56) નીચેનામાંથી કયું દશ્યતાનું ચિન્હ નથી?

(A) * (B) ~

(C) # (D) +

57) ક્લાસ-ડાયાગ્રામમાં કોમ્પોઝિશનને કયા ચિન્હ વડે દર્શાવવામાં આવે છે?

(A) ખાલી હીરાના ચિન્હ વડે (B) ભરેલ હીરાના ચિન્હ વડે

(C) ખાલી ત્રિકોણના ચિન્હ વડે (D) ભરેલ ત્રિકોણના ચિન્હ વડે

58) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં ઓબ્જેક્ટનું વર્ણન કરતી જુદી-જુદી લાક્ષણિકતાઓને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

(A) કેરેક્ટર ફિલ્ડ (B) ટેક્સ્ટ ફિલ્ડ

(C) મેટા ફિલ્ડ (D) ડેટા ફિલ્ડ

59) OMG નું પૂર્ણ નામ નીચેના પૈકી કયું છે?

(A) Object Manager Group (B) Object Managed Group

(C) Object Management Group (D) Object Managing Group

60) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં નીચેના પૈકી કયો ગુણધર્મ પ્રોગ્રામની બહારથી ડેટા મેળવવાનું અટકાવીને (inaccessible) ડેટાને સુરક્ષિત કરે છે?

(A) Abstraction (B) Encapsulation

(C) Polymorphism (D) Inheritance

61) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં નીચેના પૈકી કયો ગુણધર્મ પ્રક્રિયાના અમલીકરણની માહિતી ગુપ્ત રાખીને ડેટાની રજૂઆત વડે ડેટાને સુરક્ષિત બનાવે છે?

(A) Abstraction (B) Encapsulation

(C) Polymorphism (D) Inheritance

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

62) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ એક જ ક્લાસમાં એક કરતા વધારે મેથડ કે જેનાં નામ સરખાં હોય પણ સિગ્નેચરથી અલગ હોય તેને વ્યાખ્યાયિત કરવાની મંજૂરી આપે છે. આ લાક્ષણિકતાને શું કહેવામાં આવે છે?

(A) ફાઈલ ઓવરલોડિંગ  (B) ઓબ્જેક્ટ ઓવરલોડિંગ
(C) ક્લાસ ઓવરલોડિંગ  (D) મેથડ ઓવરલોડિંગ

63) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં બે ક્લાસ વચ્ચેના ભિન્ન (non-exclusive) સંબંધને કોણ રજૂ કરે છે?

(A) કોમ્પોઝિશન
(B) એગ્રિગેશન
(C) પોલિમોર્ફિઝમ
(D) એબ્સ્ટ્રેક્શન

64) ઓબ્જેક્ટ આધારિત પરિભાષામાં હયાત ક્લાસને શું કહેવામાં આવે છે?

(A) બેઈઝ ક્લાસ (Base class)  (B) સબક્લાસ (Subclass)
(C) ચાઈલ્ડ ક્લાસ (Child class)  (D) ડિરાઈવ્ડ ક્લાસ (Derived class)

65) જાવામાં કેટલી પ્રાથમિક (primitive) ડેટાટાઈપ હોય છે?

(A) 2  (B) 4
(C) 8  (D) 16

66) જાવામાં નીચેનામાંથી માન્ય ચલના નામનો પહેલો અક્ષર કોણ ન હોય શકે?

(A) અન્ડરસ્કોર (_)  (B) અંક
(C) અક્ષર  (D) ડોલર ($)

67) જાવામાં અંક ગણિતની પદાવલી -7% 2 નું પરિણામ શું મળશે?

(A) –3  (B) –1
(C) 1  (D) –3.5

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

68) જાવા પ્રોગ્રામ કંઈ પણ ભૂલ વિના કંપાઈલ થાય ત્યારે, કંપાઈલર નીચેના પૈકી કયા અનુલંબન (extension) સાથેની ફાઈલ બનાવશે?

(A) .class
(B) .txt
(C) .obj
(D) .exe

69) SciTE એડિટરમાં જાવા પ્રોગ્રામનો અમલ કરવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Tools → Play
(B) Tools → Run
(C) Tools → Execute
(D) Tools → Go

70) જાવા પ્રોગ્રમમાં એક-લીટીની કોમેન્ટ લખવા માટે નીચેના પૈકી કઈ સંજ્ઞાનો ઉપયોગ થાય છે?

(A) /*
(B) *\
(C) //
(D) \\

71) જાવામાં નીચેનામાંથી કયા એકપદી પ્રક્રિયકને વૃદ્ધિ પ્રક્રિયક (increment operator) કહેવામાં આવે છે?

(A) ##
(B) ++
(C) $$
(D) --

72) જાવામાં જ્યારે ચલ કે પદાવલીની કિંમત પ્રમાણે અલગ-અલગ ઘણાં કાર્યોના વિકલ્પ હોય, ત્યારે નીચેના પૈકી કયા સ્ટેટમેન્ટનો ઉપયોગ થાય છે?

(A) switch
(B) for
(C) while
(D) do...while

73) જાવામાં નીચેના પૈકી કયું લૂપ નિર્ગમન-નિયંત્રિત (exit - controlled) પ્રકારનું લૂપ છે?

(A) for
(B) while
(C) do...while
(D) until

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

74) જાવામાં નીચેના પૈકી કયા વિધાનનો ઉપયોગ સ્વિચ કે લૂપ પ્રકારની રચનાની બહાર પ્રોગ્રામનું નિયંત્રણ ફેરવવા માટે થાય છે?

(A) send
(B) back
(C) continue
(D) break

75) જાવામાં નીચેનામાંથી કોણ એટ્રિબ્યૂટ અને મેથડને વ્યાખ્યાયિત કરે છે?

(A) ક્લાસ
(B) ઓબ્જેક્ટ
(C) ઈન્સ્ટન્સ
(D) વેરિયેબલ

76) જાવામાં નીચેનામાંથી કયો પ્રક્રિયક ઓબ્જેક્ટ બનાવે છે અને તેનો રેફરન્સ પરત કરે છે?

(A) ડોટ (.)
(B) new
(C) કોલન (:)
(D) એસાઈમેન્ટ (=)

77) જાવામાં નીચનામાંથી કઈ મેથડ ઓબ્જેક્ટ બનાવતા સમયે આપોઆપ ઈન્વોક થાય છે?

(A) ઈન્સ્ટન્સ મેથડ
(B) કન્સ્ટ્રક્ટર
(C) ક્લાસ મેથડ
(D) ઓબ્જેક્ટ મેથડ

78) જાવામાં જ્યાં ઓબ્જેક્ટ રાખવામાં આવે છે, તે મેમરીના ખાસ ભાગને શું કહેવામાં આવે છે?

(A) leap
(B) deap
(C) heap
(D) meap

79) જાવામાં નીચેના પૈકી કોણ વણવપરાયેલા ઓબ્જેક્ટને શોધે છે અને તે આ ઓબ્જેક્ટ દ્વારા વપરાયેલી મેમરી પાછી મેળવે છે?

(A) garbage collector
(B) garbage bin
(C) recycle collector
(D) recycle bin

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

80) જાવામાં જે વેરિયેબલ (ચલ) મેથડ કે બ્લોકની અંદર વ્યાખ્યાયિત કરેલા હોય, તેને કેવા પ્રકારના વેરિયેબલ કહેવામાં આવે છે?

(A) File variable
(B) Class variable
(C) Instance variable
(D) Local variable

81) જાવામાં સુરક્ષા કે પ્રોટેક્શન (protection) માટેનાં ચાર P's માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો નથી?

(A) Public
(B) Packed
(C) Protected
(D) Private

82) જાવામાં નીચેનામાંથી કયું પ્રોટેક્શન વાપરવાથી સૌથી ઉચ્ચ કક્ષાનું પ્રોટેક્શન મેળવી શકાય છે?

(A) Public
(B) Packed
(C) Protected
(D) Private

83) જાવામાં જો આપણે ડેટામાં ફેરફાર અન્ય (વ્યક્તિઓ) દ્વારા માન્ય રાખતા હોઈએ તો નીચેના પૈકી કઈ મેથડ લખવામાં આવે છે? https://www.gujaratboardonline.com

(A) tutator
(B) messor
(C) mutator
(D) accessor

84) જાવામાં સબક્લાસ બનાવવા માટે ક્લાસની વ્યાખ્યામાં નીચેના પૈકી કયો ચાવીરૂપ શબ્દ વાપરવામાં આવે છે?

(A) sub
(B) extends
(C) child
(D) derived

85) જાવામાં નીચેનામાંથી શું એરેની પ્રારંભિક ઈન્ડેક્ષ કિંમતનો ઉલ્લેખ કરે છે?

(A) 0
(B) 1
(C) null
(D) –1

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

86) જાવામાં જો 'str' એ string ક્લાસનો ઓબ્જેક્ટ હોય અને તેમાં "Best-Luck" માહિતી હોય, તો str.length() ની કિંમત કેટલી હશે?

(A) 8
(B) 9
(C) 10
(D) 11

87) જાવામાં જો આપણે Calendar ક્લાસની get મેથડમાં DAY_OF_WEEK પ્રાચલ તરીકે વાપરીએ, તો કયા પ્રકારની કિંમત પરત થશે?

(A) int
(B) char
(C) string
(D) boolean

88) જાવામાં સદિશ (vector), શ્રેણિક (matrix) અને અન્ય બહુ-પરિમાણીય (multi-dimensional) માહિતી રજૂ કરવા માટે નીચેના પૈકી કોણ ઉપયોગી છે?

(A) ક્લાસ
(B) ઓબ્જેક્ટ
(C) ઈન્સ્ટન્સ
(D) એરે

89) int marks[ ] = { 90, 60, 70, 65, 80};

ઉપરોક્ત જાવા વિધાનમાં int marks [4] નીચેના પૈકી કઈ કિંમત પરત કરશે?

(A) 60
(B) 70
(C) 65
(D) 80

90) જાવામાં સમગ્ર કે આંશિક એરેને ચોક્કસ કિંમતથી ભરવા માટે Arrays class ની કઈ મેથડનો ઉપયોગ થાય છે?

(A) sort()
(B) binarySort()
(C) fill()
(D) binaryFill()

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

91) જાવામાં નીચે આપેલ વિધાન દ્વારા એરે ઘોષિત કરવામાં આવે તો, તે મેમરીમાં કેટલા બાઈટ જગ્યા રોકે છે?

```
int marks [ ] [ ] =
      new int [5] [3] ;
```

(A) 15
(B) 60
(C) 5
(D) 3

92) જાવામાં string ક્લાસનો નીચેના પૈકી કયો કન્સ્ટ્રક્ટર એક પણ અક્ષર વગરનો સ્ટ્રિંગ ઓબ્જેક્ટ બનાવે છે?

(A) String()
(B) String(char ary[ ])
(C) String(string strObj)
(D) String(string literal)

93) જાવામાં string ક્લાસની નીચેના પૈકી કઈ મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગના બધા જ અક્ષરોને કેપિટલ અક્ષરમાં પરિવર્તિત કરીને સ્ટ્રિંગ પરત કરે છે?

(A) String toChangeCase()
(B) String toCapCase()
(C) String toUpperCase()
(D) String toUpCase()

94) જાવામાં Date ક્લાસની નીચેના પૈકી કઈ મેથડ સિસ્ટમના તત્કાલીન સમયનો ઉપયોગ કરીને Date ઓબ્જેક્ટ બનાવે છે?

(A) Time()
(B) Day()
(C) Dt()
(D) Date()

95) ટાર (tar) નું આખું નામ શું છે?

(A) ટેપ આર્કિવર
(B) ટેક આર્કિવર
(C) ટેસ્ટ આર્કિવર
(D) ટાઈટ આર્કિવર

---

રફ કાર્ય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

96) નીચેનામાંથી કયું મીડિયાપ્લેયર લાક્ષણિકતાની દષ્ટિએ સમૃદ્ધ છે?

(A) VAC
(B) VEC
(C) VLC
(D) VNC

97) નીચેનામાંથી કઈ તકનિક આપણા સ્થાનનો ચોક્કસ ખ્યાલ આપે છે?

(A) GRS
(B) GPRS
(C) GRPS
(D) GPS

98) કોઈ પણ યુનિકોડમાં (unicode) અક્ષરો દાખલ કરવા માટે કયા પ્રોગ્રામનો ઉપયોગ થાય છે?

(A) કેરેક્ટર ડિસ્પ્લે
(B) કેરેક્ટર ઈન્સર્ટ
(C) કેરેક્ટર મેપ (અક્ષર નકશો)
(D) કેરેક્ટર સિલેક્ટ

99) લિનક્સમાં ફાઈલોના જથ્થાને અથવા સોફ્ટવેરને વિતરણ કરવા માટે નીચેના પૈકી કયું ખૂબ જ સામાન્ય માળખું છે?

(A) ટાટ બોલ
(B) ટાર બોલ
(C) જાર બોલ
(D) ઝીપ બોલ

100) નીચેના પૈકી કોણ ઉપયોગકર્તાને અવાજ, લખાણ અને વીડિયોનો ઉપયોગ કરીને બીજા સાથે સંપર્ક કરવાની પરવાનગી આપે છે?

(A) Skype
(B) SciTE
(C) Google Map
(D) Character Map

https://www.pyqonline.com
Whatsapp @ 9300930012
Send your old paper & get 10₹ to 40₹
अपने पुराने पेपर्स भेजे और 10 रुपये से 40 रुपये तक पायें,
Paytm or Google Pay से



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in